ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા.૧૪/૦૨/૨૦૧૫ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૪/૦૨/૨૦૧૫ |
|---|---|---|
| ૧. | ડો. એમ. એન. પટેલ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | ગેરહાજર |
| ૧૨. | ડૉ. શાહ ભરત જે. | હાજર |
| ૧૩. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | હાજર |
| ૧૪. | ડૉ. દિગ્વિજયસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ | હાજર |
| ૧૫. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૬. | ડૉ. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | હાજર |
| ૧૭. | ડૉ. મહિપતસિંહ ચાવડા | ગેરહાજર |
| ૧૮. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | ગેરહાજર |
| ૧૯. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૦. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૧. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૨. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |
| ૨૩. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. મહેશભાઇ પટેલ | ગેરહાજર |

૨૫. શ્રી દેવાંગભાઇ નાણાવટી ગેરહાજર

બા.ક્ર:૧. તા.૧૫/૧૧/૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ: તા. ૧૫/૧૧/૨૦૧૪નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવામાં આવી.**

બા.ક્ર:૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યો (જાણ સારૂ)

૨(૧) એરોમા કોલેજ ઓફ કોમર્સ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩ની શૈ.વ.૨૦૧૫-૧૬નું પ્રથમ, દ્વિતીય અને તૃતિય વર્ષ બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનીક તપાસ સમિતિ નીમ્યાનું

(૧) પ્રિ.ડૉ.ગોપાલભાઈ ભટ્ટ (૨) શ્રી શાહનવાજ શેખ (૩) શ્રીકૌશિકભાઈ જૈન

૨(૨) શ્રી જયરામભાઈ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, ઇન્ફોસીટી પાસે, ઇન્દ્રોડા સર્કલ, ગાંધીનગરની શૈ.વ.૨૦૧૪-૧૫નું ઓર્ડિ.૩૫/A હેઠળ સ્વીકૃત સંસ્થા (Approved Institute) તરીકેનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલા અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧) ડૉ. રાજશ્રીબેન ભટ્ટ (૨) પ્રિ. ડૉ. ગીતાબેન મહેતા (૩) ડૉ. નીશાબેન શાહ

૨(૩) ઇન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર કોલેજ ઓફ નર્સિંગ, સિવીલ હોસ્પીટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૧૬ને INC, નવી દિલ્લી તેમજ GNC, અમદાવાદ દ્વારા શૈ.વ.૨૦૧૫-૧૬ થી સ્વનિર્ભર ધોરણે એમ.એસસી. (નર્સિંગ) કોલેજ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ, જોડાણ આપવા માટે નિયામકશ્રીની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું

(૧) ડૉ. મહેશભાઈ પટેલ (૨) ડૉ.જીગ્નેશભાઈ ચૌહાણ (૩) શ્રી સતીષભાઈ પટેલ

૨(૪) યુ.જી.સી. બારમી પંચવર્ષીય યોજના હેઠળ માનનીય કુલપતિશ્રીએ નિમેલ કમિટિએ કરેલ રૂા.૧૭.૧૬ કરોડના એલોકેશનમાં Innovative Research Activities સાથે Minor Research Project નો સમાવેશ કરવા રીસર્ચ બોડીએ ભલામણ કરેલ છે, જે કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે જેની નોંધ લીધાનું.

૨(૫) શર્મા મેધાબેન ડી. વિરુધ્ધ ગુજરાત યુનિવર્સિટી SCA No.-૧૭૯૩૩/૨૦૧૪ નામ હાઇકોર્ટની રીટ સંદર્ભે એડવોકેટ રોક્યાનું તેમજ તેનો આનુંષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૬) Rank Certificate, Medal Certificate, Position Certificate, Inspire Fellowsip Certificate તથા Completion Certificateમાં લેવાતી ફીમાં નીચે મુજબના સુધારો મંજૂર કર્યાનું.

(૧) Rank Certificate and Medal Certificate Rs. ૨૦૦/- મંજૂર કર્યાનું.
(૨) Position Certificate Rs. ૨૦૦/- મંજૂર કર્યાનું.
(૩) Inspire Fellowship Certificate Rs. ૩૦૦/- મંજૂર કર્યાનું.
(૪) Completion Certificate Rs. ૨૦૦/- મંજૂર કર્યાનું.

૨(૭) આગામી કોન્વોકેશનના સંદર્ભમાં વિદ્યાર્થીઓને મેડલ / પારિતોષિક / શિષ્યવૃતિ આપવાની થાય છે. અગાઉ દાતાશ્રીની શરતો અનુસાર મેડલ / પારિતોષિક / શિષ્યવૃતિ વાર્ષિક પધ્ધતિ અનુસાર આપવામાં આવતા હતા. હાલમાં CBCS પધ્ધત્તિ અમલમાં હોઇ, મેડલ / પારિતોષિક / શિષ્યવૃતિ CBCS પધ્ધતિ અનુસાર આપવાનું રાખ્યાનું.

૨(૮) ડૉ.સરમણ વી. ઝાલા, એસો.પ્રોફેસર, પોલીટીકલ સાયન્સ વિભાગ, સમાજવિદ્યા ભવન વિરૂધ્ધના આરોપની તપાસ કરવા Mr. P. J. Dholakia, Ex-Principal District & Senior Judge ની E.C.ની તા.૨૨/૦૮/૨૦૧૪ના ઠરાવ બા.ક્રમાંક ૨(૩૬) થી માન.કુલપતિશ્રીને આપવામાં આવેલ સત્તા અન્વયે નિમણુંક કરવામાં આવેલ છે અને ડૉ.સરમણ વી. ઝાલા વિરૂધ્ધના આરોપની તપાસ કરવા માટે શ્રી પી. જે. ધોલકીયાની બોલીઓ અને શરતોનો સ્વીકાર કર્યાનું અને તે અંગેના આનુંષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૯) ગુજરાત યુનિવર્સિટીમાં ડાયરેક્ટર, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલની જગ્યા ભરવા તા.૨૨/૧૨/૨૦૧૪ના રોજ થયેલ ઇન્ટરવ્યુંમાં નીચે મુજબની વરણી સમિતી (Selection Committee) ના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા, જેની ઇન્ટરવ્યું માટેની કાર્યવાહી પૂર્ણ કર્યાનું.

| ક્રમ | સભ્યશ્રીના નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧ | ડૉ.એમ.એન.પટેલ - વાઇસ-ચાન્સેલર | હાજર |
| ૨ | પ્રો.વી.કિશન રાઓ - ગુજરાત ગવર્નર નોમીની | હાજર |
| ૩ | ડૉ.વી.એમ. ભટ્ટ | હાજર |
| ૪ | ડૉ.કે.એચ.ચિખલીયા | હાજર |
| ૫ | હરીશ પાઢ | હાજર |

૨(૧૦) બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીના નોર્મ્સ મુજબ પાંચ વર્ષનો ઇન્ટીગ્રેટેડ લો નો અભ્યાસ ક્રમ શૈ.વ.૨૦૧૫-૧૬ થી સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા માટે આવેલ અરજીઓ પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

LIC-૧: (૧) ડૉ. કૌશિકભાઈ રાવલ, (૨) ડૉ. પી. એન. ગજ્જર, (૩) ડૉ.એન.સી. ભટ્ટ (૪) શ્રી દર્શનસિંહ સોલંકી, (૫) ડૉ.હિમાંશુભાઇ પટેલ

LIC-૨: (૧) ડૉ.એસ.પી.રાઠોર, (૨) ડૉ.મનુભાઈ મકવાણા, (૩) ડૉ.નૈનેશ ગઢવી, (૪) શ્રી ભરત પંડ્યા, (૫) ડૉ.ડી.જી.ગોહિલ

LIC-૩: (૧) ડૉ. ઋષિકેશ મહેતા, (૨) ડૉ.એન.કે.જૈન, (૩) ડૉ.આનંદ આચાર્ય, (૪) શ્રી એમ.એન.ગોર, (૫) ડૉ. જશવંતભાઈ ઠક્કર

LIC-૪: (૧) પ્રિ. ડૉ. એલ.એસ.પાઠક (૨) ડૉ.એ.કે.દેસાઇ, (૩) ડૉ. રાજેશ મોઢ, (૪) ડૉ. આર.આર.કથીરીયા, (૫) શ્રી ગિરીશભાઈ ચૌધરી

ઠરાવ: **કુલપતિશ્રીએ મંજુર કરેલા ઉપરોકત ક્રમાંક ૨(૧) થી ૨(૧૦)સુધીના કાર્યોની નોંધ લેવામાં આવી.**

બા.ક્ર:૩. તા.૨૭-૧૨-૨૦૧૪ના રોજ મળેલ ફાયનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ- સમિતિની ભલામણો આ સાથે **પરિશિષ્ટ- ૧** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર:૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૫૦ તથા સ્ટે.૯૦ અનુસાર તા.૩૧ મી માર્ચ, ૨૦૧૪ના રોજ પુરા થતા વર્ષનો ૬૪મો વાર્ષિક હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ **આથી ઠરાવવામાં આવે છે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટેચ્યુટ ૯૦ અનુસાર તા.૩૧ મી માર્ચ, ૨૦૧૪ના રોજ પુરા થતા વર્ષનો ૬૪મો વાર્ષિક હેવાલ મંજૂર કરવો અને આગામી યુનિવર્સિટી કોર્ટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.**

બા.ક્ર:૫. તા.૧૨/૦૨/૨૦૧૫ના રોજ મળેલ યુનિવર્સિટીની ફાઇનાન્સ સમિતિની કાર્યવાહી નોંધની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ- સમિતિની ભલામણો આ સાથે **પરિશિષ્ટ- ૨** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ફાયનાન્સ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર:૬. ગુજરાત યુનિવર્સિટીમા ડાયરેકટર, કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સીલની જગ્યા ભરવા તા.૨૨/૧૨/૨૦૧૪ના રોજ થયેલ ઇન્ટરવ્યુમાં વરણીસમિતી (Selection Committee)ના સભ્યશ્રીઓ કરેલ ભલામણ અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ : **વરણી સમિતિની ઉપરોકત સભાની ભલામણનો સ્વીકાર કરવામાં આવ્યો અને તદ્નુસાર ગુજરાત યુનિવર્સિટીમાં ડાયરેકટર, કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની જગ્યા પર તમામ દસ્તાવેજોની પૂરતી ચકાસણી બાદ પટેલ મુકેશ ગાંડાલાલની નિમણુંક કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલના ડાયરેકટરની જગ્યાના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે કરવાનું રાખવું. વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપરોકત જગ્યા પર પટેલ મુકેશ ગાંડાલાલ હાજર ન થાય તો સદરહુ જગ્યા માટે બીજા ક્રમે પસંદગી પામેલ ઉમેદવાર શ્રી વશિષ્ઠ દિનેશચંદ્ર ભટ્ટને નિમણુંક આપવાનું રાખવું.**

બા.ક્ર:૭ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુ.જી.સી.ની અધ્યાપકો માટેની ૬$^{th}$ Payની ભલામણો તથા UGC Regulation ૩૦/૦૬/૨૦૧૦ અને UGC Regulation સપ્ટેમ્બર ૨૦૧૩, (Amended)ની ECની સભા તા.૧૫/૦૨/૨૦૧૩ ઠરાવ ક્રમાંક ૨(૭૪), તા.૦૬/૦૯/૨૦૧૩, ઠરાવ ક્રમાંક ૨૦, તા:૯/૫/૨૦૧૪ ઠરાવ ક્રમાંક-૧૫, તથા તા.૨૨/૦૮/૨૦૧૪ ઠરાવ ક્રમાંક ૧૮થી સ્વીકારેલ છે. તે સંદર્ભે CAS Promotion માટે યુનિવર્સિટી ખાતે કાર્યરત ૫૧ અધ્યાપકો માટે CAS અંતર્ગત કાર્યવાહી તા.૦૩/૦૧/૨૦૧૫થી તા.૦૬/૦૧/૨૦૧૫ દરમ્યાન કરવામાં આવેલ, જે અંગેની સિલેકશન કમિટીની ભલામણો મંજૂરી અર્થે.

(નોંધઃ યુનિવર્સિટીના ઇકોનોમીક્સ વિભાગના અધ્યાપકશ્રી કાર્તીક ભટ્ટે નામદાર હાઇકોર્ટમાં આ બાબતે SCA ૨૨૨૯ of ૨૦૧૫, તા.૦૫/૦૨/૨૦૧૫થી રીટ પીટીશન ફાઇલ કરેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની વિચારણા હાલ મુલત્વી રાખવી અને નામદાર હાઇકોર્ટના હુકમ અનુસાર કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક્ર:૮. બાંધકામ સમિતીની તા.૨૭/૧૨/૨૦૧૪ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ: બાંધકામ સમિતીની ભલામણો પરિશિષ્ટ- ૩ તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

બા.ક્ર:૯. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની પ્રપોઝલ અન્વયે બોઇઝ હોસ્ટેલના બ્લોક-એ અને બીની જમીનના બદલે વૈકલ્પીક જમીનની બાબતે વિચારણા કરવા તથા સેનેટ સભામાં રજૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે હાલ ઉપરોકત બન્ને બ્લોકમાં રહેતા વિધ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે અમદાવાદ એજયુકેશન સોસાયટી નવા બે બ્લોક બનાવી આપે તે પછી અમદાવાદ એજયુકેશન સોસાયટીની દરખાસ્ત પર આગળની કાર્યવાહી કરવાનું રાખવું.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

બા.ક્ર.૧૦ (૧) કૃતિ અનિલ શાહ (૨) શ્યામ એસ. પટેલ ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં ગુજરાત યુનિવર્સિટીમાં સેમેસ્ટર-૩ તથા ૫ ના વર્ગમાં પ્રવેશ માટે એડમીશન પ્રક્રિયા વખતે શરતી કામચલાઉ એલીજીબીલીટી આપવામાં આવેલ છે. પ્રવેશ સમયે અગાઉની અમદાવાદ યુનિવર્સિટી ધ્વારા ગુણપત્રક આપવામાં આવેલ ન હતું માટે વિધ્યાર્થી ધ્વારા અગાઉના અભ્યાસની (એફ.વાય. બી.કોમ. / એસ.વાય.બી.કોમ.) કોલેજ ધ્વારા આપવામાં આવેલ ગ્રેડ શીટનાં આધારે માનનીય ડીનશ્રી (કોમર્સ વિધ્યાશાખા)ની ભલામણ અનુસાર કામચલાઉ એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ હતા. તે વખતે સદર વિધ્યાર્થીઓ ધ્વારા અગાઉના અભ્યાસની અમદાવાદ યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ પાસ વાળા ગુણપત્રક ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવવાની અરજી કરતી વખતે (પ્રથમ સત્રના અંત સુધીમાં) રજૂ કરવાની લેખિત બાહેંધરી આપેલ હતી.

ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટની અરજી વખતે રજૂ કરવામાં આવેલ અમદાવાદ યુનિવર્સિટીનાં ગુણપત્રકમાં વિધ્યાર્થીઓનાં પરિણામ અંગે કોઇ સ્પષ્ટ ઉલ્લેખ (સદર અમદાવાદ યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવતા ગુણપત્રકની જેમ) જણાતો નથી. વધુમાં સદર ગુણપત્રકમાં દર્શાવેલ નોંધ નં.૧(એ) મુજબ વિધ્યાર્થીને અમદાવાદ યુનિવર્સિટી ધ્વારા આગળ અભ્યાસ માટે પાત્ર ગણેલ નથી. ગ્રેડ શીટનાં આધારે માનનીય ડીનશ્રી (કોમર્સ વિધ્યાશાખા)ની ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવા ભલામણ કરેલ છે.

આજ યુનિવર્સિટીના પ્રવેશ વંચિત વિધ્યાર્થી ધ્વારા સદર કામચલાઉ એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવાનાં કિસ્સામાં ભ્રષ્ટાચાર થયો હોય તેની તપાસ, તપાસનીશ એજન્સી ધ્વારા કરાવવાની જાહેર હિતની અરજી કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતને ધ્યાનમાં લઇ અમદાવાદ યુનિવર્સિટીના આવા તમામ કિસ્સામાં ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **યુનિવર્સિટીના અધિકારીઓની ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ નહીં આપવા બાબતની નોંધ ધ્યાને લીધા બાદ ડીનશ્રી (કોમર્સ વિધ્યાશાખા)ની ભલામણને આધારે આથી ઠરાવવામાં આવે છે કે ખાસ કેસ તરીકે આ વર્ષ પૂરતું 'F' ગ્રેડ સિવાયના ઉપર મુજબના કિસ્સાઓમાં ફાઇનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ આપવાનું રાખવું.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

**બા.ક્ર.૧૧ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો જાણ સારૂં.**

૧૧(૧) બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા અંતર્ગત આવતી લો કોલેજોના જોડાણ માટે કોલેજ પાસેથી મેળવવાની થતી એફીડેવીટ તથા સ્થાનિક તપાસ સમિતિનું ફોર્મેટ મંજુર કર્યાનું.

૧૧(૨) ચાલું શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવનાર પાંચ વર્ષના એલએલ.બી. ઇન્ટીગ્રેટેડ કોર્ષ માટે ભવનના બિલ્ડીંગનું નિર્માણ કરવાનું મંજુર કર્યાનું.

**ઠરાવ: કુલપતિશ્રીએ મંજુર કરેલા ઉપરોકત ક્રમાંક ૧૧(૧) અને ૧૧(૨)ના કાર્યોની નોંધ લેવામાં આવી.**

આ ઉપરાંત સભાગૃહની કાર્યવાહી દરમ્યાન નીચેના મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા હતા :

(૧) તાજેતરમાં ચાલી રહેલ સેનેટની ચૂંટણીના સંદર્ભમાં ફોર્મ માન્ય કરવાના સંદર્ભમાં નામદાર હાઇકોર્ટમાં ગયેલ વિધ્યાર્થીના કેસમાં યુનિવર્સિટી પક્ષે રોકવામાં આવેલ એડવોકેટને યુનિવર્સિટીના એડવોકેટ તરીકે કામગીરી નહીં સોંપવા બાબતે ચર્ચા કરવામાં આવી.

(૨) હાલ ચૂંટણી અધિકારી તરીકેની કામગીરી સંભાળતા અધિકારીને ચૂંટણીની કામગીરીમાંથી તાત્કાલિક મુકત કરવા અને આ કામગીરી તટસ્થ એજન્સી મારફતે કરાવવાનું કે મામલતદાર કક્ષાની વ્યકિતને સોંપવા બાબતે ચર્ચા કરવામાં આવી.

(૩) યુનિવર્સિટીની કામગીરીમાં અધિકારી કે કર્મચારી સાથે જે કોઇ પણ ખોટી રીતે દાદાગીરી કરીને અસભ્ય વર્તન કરે કે યુનિવર્સિટીની માલ મિલ્કતને નુકસાન પહોંચાડે તેવા તત્વો સામે યુનિવર્સિટીએ કડક પગલાં ભરવા અને જરૂર પડે આવા તત્વો સામે પોલીસ કેસ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૪) કુલસચિવશ્રીને પૂર્ણ સમય માટે ગાડી અને ડ્રાયવરની સગવડ આપવાનું ઠરાવવામાં આવ્યું.

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ગજય/૧૩૧૧/૮૬૭૨૫૫/ખ તા.૦૨/૦૩/૨૦૧૨થી સરકારશ્રીએ જે જગ્યાઓ ભરવાની મંજુરી આપી છે તેમાંથી બાકી રહેતી તમામ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપીને ઇન્ટરવ્યુ કરીને નિમણુંકની પ્રક્રિયા હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું.

(૬) હાલમાં ડીગ્રી/માર્કશીટ વેરીફીકેશન તાકિદે કરાવવા માટે લેવામાં આવતી રૂ.૨૦૦૦/- ની ફી ઘટાડીને રૂ.૫૦૦/- કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૭) યુનિવર્સિટી ભવનોને જીમખાના ફીની થયેલ આવકમાંથી ખર્ચ મંજુર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવી.

(૮) ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને પેન્શન-ગ્રેજ્યુઇટીના લાભો સહિત મળવાપાત્ર તમામ આનુષાંગિક લાભો યુનિવર્સિટીમાંથી આપવા માટે સભ્યશ્રી ડો. હિમાંશુભાઇ પટેલે રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે જે તે સમયે આ કર્મચારીઓની નિમણુંક કરતાં પહેલાં રાજય સરકારમાંથી મંજુરી નહીં લીધા અંગેની યુનિવર્સિટીની વહીવટી ભૂલને કારણે સદરહુ ૧૬૭ કર્મચારીઓને સરકારશ્રીમાંથી મળવાપાત્ર લાભો મળતા નથી. સદરહુ બાબતે લંબાણપૂર્વકની ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું હતું કે યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને પેન્શન-ગ્રેજ્યુઇટીના લાભો યુનિવર્સિટીમાંથી આપવા માટે અગાઉ તા.૧૮/૦૮/૨૦૧૨ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં થયેલ ઠરાવનો અમલ કરવાનું રાખવું. આ અંગે થનાર ખર્ચની જોગવાઇ યુનિવર્સિટીના કે. એસ. સ્કૂલના ઉચ્ચ ફીના ધોરણે ચાલતા વર્ગોની આવકમાંથી કરવા ઠરાવવામાં આવ્યું.

(**નોંધ:**- તા.૧૪/૦૪/૨૦૧૧ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંક : ૧થી સદરહુ ૧૬૭ કર્મચારીઓને શરતોને આધીન છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનો ઠરાવ (**પરિશિષ્ટ-૪**) થયેલો છે અને ત્યારબાદ તા.૧૮/૦૮/૨૦૧૨ની એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં બાબત ક્રમાંક : ૧૨ થી સદરહુ ૧૬૭ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણ પ્રમાણે સરકારશ્રીએ સુધારેલા પગાર અને ભથ્થાંઓ તેમજ પેન્શન-ગ્રેજયુઇટી સહિત નિવૃત્તિના તમામ મળવાપાત્ર આનુષાંગિક લાભો તા.૧-૧-૨૦૦૬થી અમલી બને તે રીતે યુનિવર્સિટીમાંથી આપવાનો ઠરાવ (**પરિશિષ્ટ-૫**) થયેલો છે).

ઉપરોકત ચર્ચા દરમ્યાન, કુલસચિવશ્રીએ નીચેની જોગવાઇઓ તથા હકીકતો પ્રત્યે ધ્યાન દોર્યું :

**ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ-૨૦(૩)(એ) અનુસાર-**

" [1][(3A) The exercise of the powers by the Executive Council under clauses *(xxxviii)* and *(xxxix)* of sub-section *(1)* in so far as they relate to the laying down and regulating salary scales and allowances of officers, members of the teaching, other academic and non-teaching staff of the University, affiliated colleges and recognised or approved institutions, shall be subject to the approval of the State Government."

વધુમાં, તા.૧૫/૦૧/૨૦૧૦ના ઠરાવની શરત નં.૫ પરત્વે સભાગૃહનું ધ્યાન દોર્યું હતું અને ઉપરોત ઠરાવનો અમલ કરતાં પહેલાં રાજય સરકારશ્રીની મંજૂરી આવશ્યક છે તે તરફ સભાગૃહનું ધ્યાન દોર્યું હતું.

(૯) જે કોલેજોએ હજુ સુધી ડેવલપમેન્ટ ફંડ યુનિવર્સિટીમાં જમા નથી કરાવ્યું તેવી કોલેજોની માન્યતા રદ કરવાની કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

(૧૦)યુનિવર્સિટી હોસ્ટેલ્સમાં વોટર પ્રૃફીંગ, ટોયેલેટ, લેટ્રીનની યોગ્ય સગવડ, પીવાના ચોખ્ખા પાણીની વ્યવસ્થા જેવી વિધ્યાર્થીઓ માટે આવશ્યક તમામ સગવડો અને વ્યવસ્થા માટેના બાકી કામો એક મહિનાની અંદર કરવા માટે યુનિવર્સિટી ઇજનેરને જણાવવામાં આવ્યું.

(૧૧)ચૂંટણીમાં ઉમેદવારી માટે હાલ વિધ્યાર્થીઓ ધ્વારા ભરવામાં આવતા ફોર્મનું સરળીકરણ કરવા માટે સમિતિ નિયુકત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

(૧૨)બહારની સંસ્થાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ ટૂંકી પ્રોજેક્ટ તરીકેના આયોજનમાંથી યુનિવર્સિટીને જે આવક થાય તેની ૩૦% રકમ યુનિવર્સિટી ફંડમાં જમા લેવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ફક્ત લેખિત અને મૌખિક પરીક્ષા માટે વિધ્યાર્થી દીઠ રૂ.૫/- રૂમ રેન્ટ અને ઘસારા પેટે જમા લેવાનું રાખવું.

સભાનું કામકાજ પૂર્ણ કરતાં પહેલાં માન. કુલપતિશ્રીએ તા.૧૮/૦૨/૨૦૧૫નાં રોજ યોજવામાં આવનાર ૬૩માં પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેવા માટે સભ્યશ્રીઓને આમંત્રણ આપ્યું હતું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડો. એચ. સી. પટેલ
કુલસચિવ

નં: એકેડેમિક/ ૭૦ /૨૦૧૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯. તા.૦૬-૦૪-૨૦૧૫

E.C. તા.૨૪/૨/૧૫
પા.ક્ર. 3
૫/૨/૨૦૧૨-૧

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૨૭/૧૨/૨૦૧૪

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૭-૧૨-૧૪ને શનિવારના રોજ ૧૨-૩૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી ડૉ.એમ એન પટેલસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.એમ.એન.પટેલ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩) | ડો.જશવંતભાઇ ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૪) | ડો.ધવલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૧૪-૧૧-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૧૪-૧૧-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) યુનિવર્સિટીમાં આવેલ વિવિધ વિભાગોમાં અંદાજે ૧૪૦૦ કોમ્પ્યુટર્સ માટેના જરુરી કાયમી સોફ્ટવેરની ખરીદી GIL (Gujarat Informatics Limited, a Govt. of Gujarat Company)ના રેટ કોન્ટ્રાકટ ધ્વારા રેટ કોન્ટ્રાકટની શરતોને આધીન કરવા બાબત. આ અથે રેટ કોન્ટ્રાકટની શરતો મુજબ મે. દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી પ્રા.લિ. પાસેથી માઇક્રોસોફ્ટ કંપનીના જરુરી સોફ્ટવેરની ખરીદી અંદાજે રૂ.૧,૨૦,૩૧,૫૬૦/- (+VAT/Tax) ની કિંમતે કરવાની થાય. ઉપરાંત સર્વિસ ચાર્જ/ કન્સલ્ટન્સી ચાર્જ પેટે GILને ઉપરોકત રકમના 3% (+ સર્વિસ ટેક્ષ) લેખે ચુકવવાનો થાય. વધુમાં ઉપરોકત સોફ્ટવેરની ખરીદીનો ખર્ચો જે તે વિભાગમાં રહેલા કોમ્પ્યુટરોની સંખ્યાના પ્રમાણમાં જે તે વિભાગને મળેલ વિવિધ ગ્રાન્ટ હેઠળ પડશે.

નોધ : અગાઉ યુનિવર્સિટી ધ્વારા માઇક્રોસોફ્ટ કંપની સાથે School Campus Agreement હેઠળ ૩ વર્ષ માટે આશરે રૂ.૬૯,૦૦,૦૦૦/- ( રૂપિયા અગણો સિતેર લાખ પુરા)ની કિંમતે સોફ્ટવેર વાપરવાનો કરાર કરવામાં આવેલ હતો જે મે - ૨૦૧૪માં પુરો થયેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે School Campus Agreement અને Permanant Agreementના ભાવ E-Tender ધ્વારા ભાવો મંગાવવાનું રાખવું. અને ત્યારબાદ આ અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં હાલ પરીક્ષાના ઇ.કામોના પ્રિન્ટીંગ માટે બે હેવી ડયુટી લેઝર પ્રિન્ટર વર્ષ ૨૦૦૫-૦૬માં ખરીદેલ હતાં. ઉપરોકત પ્રિન્ટરોની વર્કીંગ લાઇફ પૂર્ણ થયેલ છે. તેમજ અતિશય મેન્ટેનન્સ કાર્ય વધી ગયેલ છે. પરીક્ષાના અગત્યના પ્રિન્ટીંગ કામોને સમયસર પૂર્ણ કરવા ઉપરોકત પ્રિન્ટરોને રીપ્લેશ કરવા અત્યંત જરુરી છે. આથી પરીક્ષાના પ્રિન્ટીંગના

૨/-

અગત્યના કાર્યો સમયસર પૂર્ણ કરી શકાય તે અર્થે બે નવા હેવી ડયુટી પ્રિન્ટર ખરીદવાની જરુરીયાત છે. ઉપરોકત પ્રિન્ટરની અંદાજીત કિમંત રૂ.૮ લાખ X ૨ - કુલ રૂ.૧૬ લાખ જેટલી થશે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે E-Tender ધ્વારા ભાવો મંગાવવાનું રાખવું.

૪) યુજીસીના પ્લાન હેઠળ અને રીસર્ચ અંગે મળેલ ગ્રાન્ટમાંથી સાધનો ખરીદવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે E-Tender ધ્વારા ભાવો મંગાવવાનું રાખવું અને ગર્વમેન્ટ રેઇટ કોન્ટ્રાકટ(D.G.S.& D./GIL) કરેલ હોય તો આ ખરીદી અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫) Biometric Time Attendance System, CCTV Video Surveillance System and Campus Wi-Fi System યુનિવર્સિટીમાં લાગુ કરવા માટેનો નિર્ણય એકિઝકયુટીવ કાઉન્સીલની તા.૧,જુન-૨૦૧૪ની સભામાં ( F C ૨૯ મે-૨૦૧૪, બાબત ક્રમાંક-૮ તથા ૧૧) લેવાયેલ તે મુજબ કન્સલટન્ટ તરીકે શ્રી અજીત બોબરા (નિવૃત સિનિ.એન્જીનિયર, પીઆરએલ)ની નિમણુંક કરવામાં આવી હતી તેના બદલે નવેસરથી E-Tender કરી કન્સલટન્ટની નિમણુંક કરવા વિચારણા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે E-Tender ધ્વારા ભાવો મંગાવવાનું રાખવું

૬) ગુજરાત યુનિવર્સિટીનું ઇન્ટરનલ ઓડીટ કરાવવા માટે ચાર્ટડ એકાઉટન્ટની નિમણુંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે E-Tender ધ્વારા ભાવો મંગાવવાનું રાખવું

૭) ગુજરાત યુનિવર્સિટીના ડ્રાઇવરોને રજાના દિવસોએ ફરજ માટે એક કલાકના રૂ.૩૦/- અને દિવસના રૂ.૨૦૦/- આપવાનું સને ૨૦૦૦ની એકિઝયુટીવ કાઉન્સીલમાં ઠરાવવામાં આવેલ હતું તેમા વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ડ્રાઇવરને ચાલુ દિવસે ફરજના સમય બાદની ફરજ માટે એક કલાકના રૂ.૫૦/- અને રજાના દિવસે દિવસના રૂ.૪૦૦/- આપવાનું મંજુર કરવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ હતું.

કુલસચિવ

EC તા: 14/02/2015
બાબત: 05
પરિશિષ્ટ: 02

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૨/૨/૨૦૧૫

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૨-૨-૧૫ને ગુરુવારના રોજ ૩-૦૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કુલપતિશ્રી ડો.એમ એન પટેલસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.એમ.એન.પટેલ | કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | હાજર |
| ૩) | ડો.જશવંતભાઇ ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૪) | ડો.ધવલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | શ્રી ધ્રુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૨૭-૧૨-૨૦૧૪ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

૨) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૪-૧૫નું પુનર્નિર્મિત અને આગામી વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૪-૧૫નું પુનર્નિર્મિત અંદાજપત્ર મંજુર કરવા ભલામણ કરવામાં આવે છે. અને આગામી વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર નીચે જણાવેલ સુધારા સાથે મંજુર કરવા ભલામણ છે.

રમત ગમત અને વિધાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ હેઠળ તાલીમ શિબિરો તથા વ્યાયામ શિક્ષક તાલીમ વર્ગ માટે રૂ.૧૦,૦૦,૦૦૦/- (રુપિયા દશ લાખ પુરા)ની જોગવાઇ કરવાનું રાખવું.

૩) આગામી તા.૧૮-૨-૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીના કન્વેયન્સ સેન્ટર ખાતે યોજાનાર પદવીદાન સમારંભ માટે ડેકોરેશન, સાઉન્ડ, ફોટોગ્રાફી, લાઇવ ટેલીકાસ્ટ તથા બહારગામથી આવતા મુખ્ય મહેમાનો માટે આવવા-જવાનું ભાડું તથા મોમેન્ટો વગેરે માટે થનાર અંદાજીત રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રુપિયા પાંચ લાખ પુરા)નો ખર્ચ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે આગામી તા.૧૮-૨-૨૦૧૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીના કન્વેયન્સ સેન્ટર ખાતે યોજાનાર પદવીદાન સમારંભ માટે ડેકોરેશન, સાઉન્ડ, વિધાર્થીઓનો નાસ્તો, ફોટોગ્રાફી, લાઇવ ટેલીકાસ્ટ તથા બહારગામથી આવતા મુખ્ય મહેમાનો માટે આવવા-જવાનું ભાડું તથા મોમેન્ટો વગેરે માટે થનાર અંદાજીત રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રુપિયા પાંચ લાખ પુરા)નો ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૪) કેમેસ્ટ્રી વિભાગના ડો.વી કે જૈનની યુજીસી સેપ પ્રોગ્રામ- ભાગ-૩ની મંજુર થયેલ ઇકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ Bench top NMR ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજે રૂ.૩૬-૫૦ લાખનો ખર્ચ થશે. આ ગ્રાન્ટમાંથી રૂ.૧૧,૧૮,૪૩૮-૦૦નો ખર્ચ થઇ ગયેલ છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત જણાવેલ Bench top NMR અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર સૌથી ઓછા ભાવ આપનાર વેપારી મે.લેબ ઇન્ડીયા એનાલીટીકલ સર્વિસીસ પાસે રૂ.૩૬૫૦૦૦૦/- (રુપિયા છત્રીસ લાખ પચાસ હજાર)ની કિમંતે ખરીદવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું હતું.

કુલસચિવ

E.C.ના.૫ઠેરાવ૧૫
કામ. ૮
પરિશિષ્ટ-3

# ગુજરાત યુનિવર્સિટી

નં.એસ્ટેટ/બાંધકામ/ /૨૦૧૪
તા.૨૭/૧૨/૨૦૧૪

ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭/૧૨/૨૦૧૪ના રોજ ૦૧:૦૦ કલાકે યુનિ. કાર્યાલય ખાતે મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી ડૉ.એમ.એન. પટેલ સાહેબે સંભાળ્યું હતું. તેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| | |
|---|---|
| (1) મા.કુલપતિશ્રી, | હાજર |
| (2) મા.ઉપકુલપતિશ્રી | -- |
| (3) શ્રી નરહરીભાઇ અમીન | ગેરહાજર |
| (4) શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| (5) શ્રી કૌશિકભાઇ જૈન | ગેરહાજર |
| (6) ડૉ.મહિપતસિંહ ડી.ચાવડા | હાજર |
| (7) કાર્યપાલક ઇજનેરશ્રી, એલ.ડી.એન્જી.કોલેજ કમ્પાઉન્ડ, | હાજર |

# કામકાજની યાદી

બા.ક : (1) તાઃ ૧૧/૦૮/૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત. પરિશિષ્ટ ' અ ' તરીકે સામેલ છે.

ઠરાવ : (1) તાઃ ૧૧/૦૮/૧૪ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ વંચાણે લઇ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

બા.ક :(2) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ પરીક્ષા ભવન ના ભોંયરામાં કોટા સ્ટોન ફ્લોરીંગ લગાવવા માટેના અગાઉ તા. ૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૭,૧૯,૦૧૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે.જે જાણ તેમજ મંજૂરી અર્થે સવિનય રજુ.(નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

ઠરાવ :(2) ઉપરોકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ પરીક્ષા ભવન ના ભોંયરામાં કોટા સ્ટોન ફ્લોરીંગ લગાવવા માટેના અગાઉ તા. ૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૭,૧૯,૦૧૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે. જે આનુષંગિક કાર્યવાહિ તેમજ ખર્ચ મંજૂર કરવાનુ રાખવુ .(નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

બા.ક :(3) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ વિવિધ ભવનો માં શારીરિક વિકલાંગ વ્યક્તિઓ સરળતાથી અવરજવર કરી શકે તે માટે રેમ્પ,રેલિંગ અગાઉ તા. ૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૧૨,૭૯,૯૦૬/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે.જે જાણ તેમજ મંજૂરી અર્થે સવિનય રજુ.(નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

ઠરાવ :(3) ઉપરોકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ વિવિધ ભવનો માં શારીરિક વિકલાંગ વ્યક્તિઓ સરળતાથી અવરજવર કરી શકે તે માટે રેમ્પ,રેલિંગ અગાઉ તા. ૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા

ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૧૨,૭૯,૯૦૬/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે. જે આનુષંગિક કાર્યવાહિ તેમજ ખર્ચ મંજૂર કરવાનું રાખવું.. (નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

બા.ક : (4) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ પર વિવિધ જગ્યાઓ જેવી કે સેન્ટ્રલ પાર્કિંગ તથા સ્ટાફ પાર્કિંગ માટે પેવર બ્લોક લગાવવાના અગાઉ તા.૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૫૦,૦૨,૪૧૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે.જે જાણ તેમજ મંજૂરી અર્થે સવિનય રજુ. (નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

ઠરાવ :(4) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ પર વિવિધ જગ્યાઓ જેવી કે સેન્ટ્રલ પાર્કિંગ તથા સ્ટાફ પાર્કિંગ માટે પેવર બ્લોક લગાવવાના અગાઉ તા.૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Rachna Construction & Infrastructure ને કુલ ૫૦,૦૨,૪૧૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે. જે અનુષંગિક કાર્યવાહિ તેમજ ખર્ચ મંજૂર કરવાનું રાખવું.. (નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

બા.ક : (5) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ આઇ.એસ.ટ્રેનિંગ સેન્ટર ખાતે શેડ લગાવાવના કામ માટે અગાઉ તા.૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Shreeji Construction ને કુલ ૧૩,૧૬,૪૦૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે.જે જાણ તેમજ મંજૂરી અર્થે સવિનય રજુ. (નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

ઠરાવ :(5) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ આઇ.એસ.ટ્રેનિંગ સેન્ટર ખાતે શેડ લગાવવાના કામ માટે અગાઉ તા.૧૧/૦૮/૨૦૧૪ ના રોજ મળેલ બાંધકામ સમિતિની નક્કી થયા મુજબ વર્તમાનપત્રમાં જા x ખ આપી ઇ - ટેન્ડર દ્વારા ફરીથી ભાવ મંગાવવામા આવેલ જે પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Shreeji Construction ને કુલ ૧૩,૧૬,૪૦૦/- મુજબ નો વર્ક ઓર્ડર આપેલ છે. જે આનુષંગિક કાર્યવાહિ તેમજ ખર્ચ મંજૂર કરવાનું રાખવું.. (નોંધઃ- પ્રસ્તુત ખર્ચ યુનિ.ડેવલપમેન્ટ ફંડ ખાતે પડશે)

બા.ક :(6) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ યુનિ. કાર્યાલય, ભવનો, હોસ્ટેલો, તેમજ સ્ટાફ ક્વાટર્સમાં કરવાના થતા નિભાવના કામો જેવાકે કલરકામ, વોટરકુલર /

એરકંડીશન મશીનનોના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ, કેન્ટીનનો કોન્ટ્રાક્ટ, પ્લમ્બીંગ માલસામન ખરીદીનો રેટ કોન્ટ્રાક્ટ તથા ઇલેક્ટ્રીકલ માલસામન ખરીદીનો રેટ કોન્ટ્રાક્ટ વગેરે માટે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર વર્તમાનપત્રમાં જા x ખ આપી ભાવપત્રકો મંગાવવામાં આવ્યા હતા. જે પરત્વે આગળની કાર્યવાહી કરવા માટે મા.કુલપતીશ્રીએ નિયુક્ત કરેલ પેટા સમિતીના અહેવાલ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ :(6) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે વિવિધ કામ માટે નીચે મુજબ ની ભલામણ કરવામાં આવે છે...

a) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ યુનિ. કાર્યાલય, ભવનો, હોસ્ટેલો, તેમજ સ્ટાફ ક્વાટર્સમાં કરવાના થતા કલરકામ માટે મા.કુલપતીશ્રીએ નિયુક્ત કરેલ પેટા સમિતીના અહેવાલ તથા સમિતિ માં ચર્ચા થયા મુજબ યુનિ. દ્વારા નક્કી કરેલ ભાવ મુજબ કામ કરવા તૈયાર તમામ કોન્ટ્રાક્ટરો વચ્ચે કામગીરી ની સરખે ભાગે વહેંચણી કરવી તથા આઇટમ નંબર - ૭ ની કામગીરી કરાવવી નહી.

b) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ યુનિ. કાર્યાલય, ભવનો, હોસ્ટેલસ માં આવેલ વોટરકુલર તથા એરકંડીશન મશીનનોના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ અંગે મા.કુલપતીશ્રીએ નિયુક્ત કરેલ પેટા સમિતીના અહેવાલ તથા સમિતિ મા ચર્ચા થયા મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Aditi Air-conditioning Pvt. Ltd. ના ભાવપત્રક મુજબ કુલ ૪,૯૫,૪૩૧/- મુજબ નો ખર્ચ મંજૂર કરવાનું રાખવું

c) ગુજ.યુનિ.કેમ્પસ આવેલ યુનિ. કેન્ટીન ચાલુ કરવા અંગે મા.કુલપતીશ્રીએ નિયુક્ત કરેલ પેટા સમિતના અહેવાલ તથા સમિતિ માં ચર્ચા થયા મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી મે. ભાવના કેટરર્સ ને યુનિ. કેન્ટીન ચલાવવા નો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનું રાખવું

d) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ યુનિ. કાર્યાલય, ભવનો, હોસ્ટેલો, તેમજ સ્ટાફ ક્વાટર્સમાં કરવાના થતા રોજબરોજ ના ઇલેક્ટ્રીકલ નિભાવના કામો માટે ઇલેક્ટ્રીકલ માલસામન ખરીદીનો રેટ કોન્ટ્રાક્ટ માટે મા.કુલપતીશ્રીએ નિયુક્ત કરેલ પેટા સમિતીના અહેવાલ તથા સમિતિ માં ચર્ચા થયા મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી મે. વન – વે ઇલેક્ટ્રીકલ્સ પાસેથી યુનિ. ની જરૂરીયાત પ્રમાણે ઇલેક્ટ્રીકલ માલ – સામાન એક વર્ષ સુધી ખરીદવાનુ રાખવું

e) ગુજ.યુનિ.કેમ્પસ પર આવેલ યુનિ. કાર્યાલય, ભવનો, હોસ્ટેલો, તેમજ સ્ટાફ ક્વાટર્સમાં કરવાના થતા રોજબરોજ ના પ્લમ્બીંગ નિભાવના કામો માટે પ્લમ્બીંગ માલસામન ખરીદીનો રેટ કોન્ટ્રાક્ટ માટે મા.કુલપતીશ્રીએ

નિયુક્ત કરેલ પેટા સમિતિના અહેવાલ તથા સમિતિ માં ચર્ચા થયા મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર એજન્સી M/s. Apollo BuildHome Pvt. Ltd. પાસેથી યુનિ. ની જરૂરીયાત પ્રમાણે પ્લમ્બીંગ માલ – સામાન એક વર્ષ સુધી ખરીદવાનુ રાખવું

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચે મુજબની બાબત રજૂ કરવામા આવી

બા.ક.:(૧) 5 વર્ષ ઇન્ટીગ્રેટેડ law કોર્સ ના નવા ભવન માટે કન્સલન્ટ mofa-delf પાસે પ્લાન ,એસ્ટીમેટ તથા ટેન્ડર રેડી કરી આગામી બાંધકામ સમીતી સમક્ષ રજૂ કરવા અંગે

ઠરાવ :(૧) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે 5 વર્ષ ઇન્ટીગ્રેટેડ law કોર્સ ના નવા ભવન માટે કન્સલટન્ટ mofa-delf પાસે પ્લાન એસ્ટીમેન્ટ તથા ટેન્ડર તૈયાર કરી આનુષંગિક કાર્યવાહિ કરવાનુ રાખવુ.

બા.ક. :(૨) ગુજ.યુનિ. ના હાઇ ટેન્શન વિજ જોડણ H.T. NO- 800261 પર ના 3 હાઇટેન્શન સબસ્ટેશન ને તેમજ યુનિ. કેમપસ પરની રસ્તાબતી ના વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાકટ (વર્ષ –૨૦૧૪-૧૫ માટે) કરવા અંગે કોન્ટ્રાટર મે. ડીજીટલ એન્જીન્યરીંગ પ્રોજેકટ પ્રા. લી. ના પમા ક્રમાંક DEPPL (GU/AMC –R / 468 /14-15 , તા-૭/૧૨/૨૦૧૪ થી આવેલા કુલ ખર્ચ રૂ. ૪,૩૪,૪૨૫ /- +સર્વિસ ટેક્ષ મંજૂર કરવા પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ :(૨) ઉપરોક્ત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ગુજ.યુનિ. ના હાઇ ટેન્શન વિજ જોડણ H.T. NO- 800261 પર ના 3 હાઇટેન્શન સબસ્ટેશન ને તેમજ યુનિ. કેમ્પસ પરની રસ્તાબતી ના વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રાકટ (વર્ષ –૨૦૧૪-૧૫ માટે) કરવા અંગે કોન્ટ્રાટર મે. ડીજીટલ એન્જીન્યરીંગ પ્રોજેક્ટ પ્રા. લી. ના પમા ક્રમાંક DEPPL (GU/AMC –R / 468 /14-15 , તા-૭/૧૨/૨૦૧૪ થી આવેલા કુલ ખર્ચ રૂ. ૪,૩૪,૪૨૫ /- +સર્વિસ ટેક્ષ મંજૂર કરવા અંગે ટોરેન્ટ પાવર સાથે આ બાબતે ચર્ચા કર્યા બાદ આનુષંગિક ખર્ચ મંજૂર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને સોંપવી.

બા.ક. :(૩) યુનિ. કેમ્પસ પરના લાયબ્રેરી , સમાજવિદ્યા ભવન તેમજ ભાષા ભવન પાસેની ખુલ્લી જગ્યા પર સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે કોમન પેવર બ્લોક પાર્કીંગની વ્યવસ્થા કરવા અંગે અગાઉ ઈ- ટેન્ડરીંગથી મંગાવેલ ભાવો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર મે.રચના કન્સ્ટ્રકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ના રૂ. ૬૧૦/૦૫ પૈસા પ્રતિ સ્કવેર મીટર ના છે તેમજ આ ટેન્ડર ની શરત મુજબ આ લોએસ્ટ ભાવ એક વર્ષ માટે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે. તો ઉપરોક્ત ભવનો ના પાર્કીંગ ની કામગીરી કરાવવા પરત્વે ચર્ચા- વિચારણા કરવા બાબત.

ઠરાવ :(૩) ઉપરોકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે યુનિ. કેમ્પસ પરના લાયબ્રેરી , સમાજવિદ્યા ભવન તેમજ ભાષા ભવન પાસેની ખુલ્લી જગ્યા પર સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે કોમન પેવર બ્લોક પાર્કીગની વ્યવસ્થા કરવા અંગે અગાઉ યુનિ. કેમ્પસ પર પેવર બ્લોક પાર્કીગની કામગીરી કરાવવા ઈ- ટેન્ડરીગથી મંગાવેલ ભાવો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર મે. રચના કન્સ્ટ્રકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ના રૂ. ૬૧૦/૦૫ પૈસા પ્રતિ સ્કવેર મીટર ના છે તેમજ આ ટેન્ડર ની શરત મુજબ આ લોએસ્ટ ભાવ એક વર્ષ માટે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે. તો ઉપરોકત ભવનો ના પાર્કીગ ની કામગીરી કરાવવાનુ રાખવુ અને આ અંગે થનાર ખર્ચ તેમજ વર્કઓડર આપવાની સત્તા મા. કુલપતિશ્રીને સોંપવી.

કુલસચિવશ્રી

પરિશિષ્ટ-4
EC તા: 14/2/15
મુદ્દા નં: 8

ખાનગી

## ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝક્યુટિવ કાઉન્સિલની તાકિદની સભા ગુરૂવાર, તા. ૧૪/૦૪/૨૦૧૧ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૪/૦૪/૨૦૧૧ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન | ગેરહાજર |
| ૫. | શ્રી હિમાંશુ વિઠ્ઠલભાઇ પટેલ | હાજર |
| ૬. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | ગેરહાજર |
| ૭. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૮. | પ્રિ. ડૉ. સી.પી.પટેલ | ગેરહાજર |
| ૯. | પ્રો. નિતીનભાઇ ડાહ્યાભાઇ શાહ | હાજર |
| ૧૦. | પ્રો. મહેશ સી. પટેલ | હાજર |
| ૧૧. | પ્રો. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૨. | ડૉ. એચ.પી.ભાલોડીયા | હાજર |
| ૧૩. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૪. | શ્રી દોશી મનીષ એમ. | હાજર |
| ૧૫. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૧૬. | શ્રી ગિરીશ ચૌધરી | હાજર |
| ૧૭. | શ્રી ગૌરાંગ પટેલ | હાજર |
| ૧૮. | પ્રો. શશીરંજન યાદવ | હાજર |
| ૧૯. | શ્રી દેવાંગ નાણાવટી | હાજર |

**બા.ક.૧.** ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠુ પગારપંચનો લાભ મળતો નથી તે અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પ્લોઇઝ અન્યાય પ્રતિકારક સંઘ ધ્વારા તે કર્મચારીઓને છઠ્ઠુ પગારપંચ આપવા અંગે તેઓ ધ્વારા રજૂ કરવામાં આવેલ બાહેંધરીપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

**ઠરાવ :** ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરાયેલા છઠ્ઠા પગારપંચનો લાભ મળતો નથી જેમાં કેટલાંક કર્મચારીઓની નિમણુંક જાહેરાત આપીને થયેલ છે, કેટલાંકની નિમણુંક રહેમરાહે થયેલ છે અને કેટલાંક રાજ્ય સરકારશ્રીના રીપોર્ટ પ્રમાણે વગર મંજૂરીવાળી કેટેગરીના કર્મચારી છે. કર્મચારીઓની લાંબાગાળાની નિષ્ઠાપૂર્વકની સેવા અને યુનિવર્સિટીમાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજોનું ભારણ તેમજ ખાલી પડી રહેલી નિવૃત્ત કર્મચારીઓની જગ્યાનું ભારણ અને યુનિવર્સિટીના વિધ્યાર્થીઓની સંખ્યામાં રેગ્યુલર તેમજ એક્ષટર્નલ બન્ને કેટેગરીમાં થઈ રહેલા વધારાના કામનું ભારણ આ તમામ કર્મચારીઓની વહીવટી સુઝથી સમયસર અને અસરકારક રીતે કામ કરી ચલાવે છે, જેને ધ્યાનમાં રાખી આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા યુનિવર્સિટીના સત્તામંડળો ધ્વારા સરકારશ્રીને વિનંતી કરવામાં આવેલ હતી.

ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરાયેલ છઠ્ઠા પગારપંચનો લાભ મળતો નથી. આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળે તે માટે અસરકર્તા કર્મચારીઓએ વારંવાર રજુઆત કરી છે અને રજુઆતને ધ્યાનમાં લઈ એકિઝકયુટિવ કાઉન્સિલની તા.૨૬/૦૯/૨૦૧૦ અને તા.૧૨/૦૨/૨૦૧૧ની સભામાં લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી અને શિક્ષણ વિભાગમાં આ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆત પરત્વે કોઈ હકારાત્મક પ્રતિસાદ શિક્ષણ વિભાગ તરફથી ના મળતા તા.૧૨/૦૨/૨૦૧૧નાં રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભામાં ફરી વખત લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને તા.૧૫/૦૩/૨૦૧૧ સુધીમાં રાજ્ય સરકાર તરફથી હકારાત્મક જવાબ ના મળે તો એકિઝકયુટિવ કાઉન્સિલની સભા બોલાવી કર્મચારીઓના પ્રશ્ને યોગ્ય તે નિર્ણય લેવાનું ઠરાવવામાં આવ્યું હતું.

આ સંજોગોમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છઠ્ઠા પગારપંચથી વંચિત કર્મચારીઓને સત્તામંડળના આદેશથી કેટલીક શરતોને આધીન કર્મચારીઓને આ લાભ આપવાનું નકકી કરવામાં આવેલ છે, જેના આધારે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓએ પરીક્ષા દરમ્યાન તમામ કર્મચારીઓનો સહયોગ લઈ વર્ક ટુ રૂલનો આદેશ આપી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કર્મચારીઓની જેમ તેમને લાભ મળે તેવી માંગણી કરી હતી અને અગાઉ તા.૧૨/૦૨/૨૦૧૧ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલે કર્મચારીઓના હિતમાં આ નિર્ણય લેવા માટે એક સૂર પુરાવેલ અને ત્યારબાદ ૨૭/૦૩/૨૦૧૧નાં રોજ મળેલી સેનેટની સભાએ પણ સર્વાનુમતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જેમ આપણા ૧૬૭ કર્મચારીઓને આ લાભ મળે તેવો ઠરાવ કર્યો હતો. ત્યારબાદ તમામ પાસાઓનો નાણાંકીય

અભ્યાસ કરી યુનિવર્સિટીની જવાબદારીને ધ્યાનમાં રાખી તા.૧૪/૦૪/૨૦૧૧ના રોજ તત્કાલ બોલાવેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં રાજય સરકારના અધિકારીઓને પણ SMS ધ્વારા જાણ કરીને હાજર રહેવા જણાવવામાં આવેલ. ત્યારબાદ સભ્યો ધ્વારા રજુઆત કરવામાં આવી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા તેમના જે કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ રાજય સરકાર ધ્વારા આપવામાં આવેલ ન હતો તે કર્મચારીઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડીકેટની તા.૨૨/૧૦/૨૦૧૦ ના રોજ મળેલ સભાએ બા.ક્ર. ૨૭ થી છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનું ઠરાવ્યું છે તેજ પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીએ પણ ૧૬૭ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવો જોઇએ તેમ જણાવ્યું હતું.

આ તબકકે કા. કુલસચિવે તા.૧૫/૦૧/૨૦૧૦ના ઠરાવની શરત નં.૫ પરત્વે સભાગૃહનું ધ્યાન દોર્યું હતું અને રાજય સરકારની મંજૂરી આવશ્યક છે તેમ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કર્મચારીઓને અપાયેલ પગાર પછી યુનિવર્સિટી ઉપર આવેલ દબાણ, પરીક્ષા ખોરંભે ના પડે તેની ચિંતા, સેનેટ તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોનો હકારાત્મક અભિગમ જોતાં સર્વાનુમતે નીચેની શરતોને આધીન આ પગારનો લાભ આપવાનું નકકી થયેલ. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા જે પ્રકારની બાહેંધરી લઇને છઠ્ઠા પગારપંચનો લાભ આપ્યો છે તે પ્રકારની બાહેંધરી લઇને છઠ્ઠા પગારપંચનો લાભ આપવો અને આ નિર્ણયની જાણ રાજય સરકારશ્રીને કરવાનું રાખવુ તેમજ છઠ્ઠા પગારપંચનો લાભ સદરહુ ૧૬૭ કર્મચારીઓને આપવા માટે મંજૂરી આપવા પુનઃરજૂઆત કરવાનું રાખવું.

૧. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને રાજય સરકાર તરફથી છઠ્ઠા પગારપંચનો લાભ આપવાની મંજૂરી આવે ત્યાંસુધી આ ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો થાય છે તે ખર્ચને પહોંચી વળવા માટે અસરકર્તા ૧૬૭ કર્મચારીઓ જયાં સુધી રાજય સરકારની છઠ્ઠા પગારપંચની મંજૂરી નહીં મળે ત્યાં સુધી યુનિવર્સિટીની કામગીરી માટે પુરસ્કાર/ઓવરટાઇમ કે તે પ્રકારના અન્ય કોઇ ભથ્થાની માંગણી કર્યા વગર કામગીરી કરી આપશે. આ કર્મચારીઓમાં જે મહિલા કર્મચારીઓ છે તે બીજા અને ચોથા શનિવારની રજાના દિવસે યુનિવર્સિટીમાં આવીને કામગીરી પૂર્ણ કરી આપશે. ૧૬૭ કર્મચારીઓની સહાનુભૂતિમાં જે કર્મચારી સંગઠનોએ ટેકો જાહેર કર્યો હતો તે કર્મચારીઓ વર્ષ દરમ્યાન કાર્યાલય સમય સિવાય વધારાના ૬૦ કલાક સુધી યુનિવર્સિટીની કામગીરી સંભાળશે અને તે માટે કોઇ પુરસ્કાર/ઓવરટાઇમ કે વધારાના ભથ્થાની માંગણી કરશે નહીં. જે કર્મચારીને પરીક્ષાની કામગીરી માટે બોલાવવામાં આવશે અને તે કર્મચારી કામગીરી નહીં સંભાળે તો તેનું પરીક્ષા ભથ્થું કાયમી ધોરણે બંધ કરવાનું રાખવું.

૨. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓને જયાં સુધી રાજય સરકાર ધ્વારા છઠ્ઠા પગારપંચનો લાભ આપવામાં ના આવે ત્યાં સુધી અસરકર્તા કર્મચારીઓને સ્ટેગ્નેશન

ઈજાફાનો લાભ, હાયરગ્રેડનો લાભ જેવા અન્ય કોઇ લાભ જેનાથી યુનિવર્સિટી પર આર્થિક ભારણ પડતું હોય તે આપવા નહીં.

3. ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ કર્મચારીઓ તેમને છઠ્ઠું પગારપંચનો લાભ મળે તે માંગણી અન્વયે તા.૨૧, ૨૨, ૨૩ અને ૨૪ માર્ચના રોજ હડતાલ પર બેઠા હતા અને કોઇ જ ફરજ બજાવી ન હતી. આ કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિના કારણે ખાસ કેસમાં આ ચાર દિવસની હડતાલ માટે સંબંધિત કર્મચારી પાસેથી હકક રજા કે પ્રાસંગિક રજા લેવાનું રાખવું અને તે દિવસોનો પગાર ચૂકવવો.

૪. ઉપર જણાવેલ (૧) થી (૪) બાબતોની સમજૂતિનો લીગલ ડ્રાફ્ટ તૈયાર કરી તે ઉપર કર્મચારીઓની સહી મેળવવી.

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર માનીને સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

**એમ. એસ. શાહ**
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/૩૪/A/૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયલ અમદાવાદ-૯
તા. ૨૦-૦૪-૨૦૧૧

પરિશિષ્ટ- ૬
ECતા. ૧૫/૨/૧૫
મુદ્દા નં: ૪



બા.ક્ર-૧૨ ગુજરાત યુનિવર્સિટી જનરલ એમ્પલોઈઝ યુનિયન તથા ગુજરાત યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારી સંઘ તરફથી તા.૬-૬-૨૦૧૨ના પત્રથી યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં ૧૬૭ કર્મચારીઓને છઠા પગાર પંચના પગારધોરણ પ્રમાણેના પગારનો લાભ તા.૧-૧-૨૦૦૬થી આપવા તથા પેન્શન સહિતના તમામ આનુષાંગિક લભો બિન શરતે આપવા કરેલ રજૂઆત અંગે વિચારણા બાબત.

ઠરાવ: ઉપરોક્ત રજૂઆત પરત્વે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીમાં ફરજ બજાવતા ૧૬૭ કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીમાથી અંતિમ મંજૂરી ન મળે ત્યાં સુધી છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણ પ્રમાણે સરકારશ્રીએ સુધારેલા પગાર અને ભથ્થાંઓ તેમજ પેન્શન-ગ્રેજ્યુઈટી સહિત નિવૃત્તિના તમામ મળવાપાત્ર આનુષંગિક લાભો તા. ૧-૧-૨૦૦૬થી અમલી બને તે રીતે યુનિવર્સિટીમાંથી આપવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારશ્રીમાંથી સદરહુ ૧૬૭ કર્મચારીઓની મંજૂરી મળેથી, જે રકમ યુનિવર્સિટીએ સદરહુ કર્મચારીઓને ચૂકવેલ છે તે રકમ જયારે રાજય સરકારશ્રી તરફથી સદરહુ કર્મચારીઓને ચુકવવામાં આવે ત્યારે તે રકમ યુનિવર્સિટીને પરત કરવાની બાંહેધરી સબંધિત કર્મચારીઓ પાસેથી લેવાનું રાખવું.

ઉપરોક્ત બાબતે રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવવામાં ઘણો લાંબો સમય વીતી ગયેલ હોઈ, વિનાવિલંબે રાજય સરકારશ્રીમાં અસરકારક રજૂઆત કરવાનું રાખવું.

આ ઉપરાંત, યુનિવર્સિટીમાં રહેમરાહે નિમણૂંક પામેલા નીચેના પાંચ કર્મચારીઓને નિમણૂંકની તારીખથી પાંચ વર્ષ પૂર્ણ થયા તારીખથી કાયમ કરીને છઠ્ઠા પગારપંચ મુજબ સુધારેલા પગારધોરણ મુજબ પગાર આપવાનું ઠરાવવામાં આવ્યું:

| કર્મચારીનું નામ | હોદ્દો | નિમણૂંક આપ્યા તારીખ |
|---|---|---|
| શ્રી વિનોદભાઇ કે. વાઘેલા | સફાઇ કામદાર | ૨૩/૫/૨૦૦૫ |
| શ્રી ચેતનાબેન એ. યાદવ | પટાવાળા | ૩૦/૫/૨૦૦૫ |
| શ્રી ખોડાજી મંગાજી ઠાકોર | પટાવાળા | ૧/૫/૨૦૦૭ |
| શ્રી જગદીશકુમાર આર.યાદવ | જુ. કલાર્ક | ૩૦/૫/૨૦૦૭ |
| શ્રી ડાહ્યાભાઇ કે. ઠાકોર | પટાવાળા | ૧/૬/૨૦૦૭ |

બા.ક્ર.૧૩ તા.૧૮-૮-૨૦૧૨ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.